# એડીનેટ ઈ–ન્યુઝ ડાયજેસ્ટ

## નંબર-૬૨ નવેમ્બર-૨૦૧૯

| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો | ૨ |
| એડિનેટ એપ | ૨ |
| લાઈબ્રેરીમાં નવું પાનું ઉમેરાયું | ૨ |
| ઓનલાઈન કન્વર્ટ ( ઓડિયો, વિડીયો, ઈ-બુક્સ, ડોક્યુમેન્ટ કમ્પ્રેશન આર્કાઇવ્સ અને વેબ સર્વિસીસ) | ૩ |
| મહારાષ્ટ્ર બોર્ડ ધ્વારા ધોરણ૧૦ ના વિદ્યાર્થીઓ માટેનું ઈ-લર્નિંગ એપનું બીટા વર્ઝન સફળ થયું છે | ૩ |
| ભારત: બ્રેઇલ કન્વર્ટર મહિલા | ૪ |
| એપ્રેન્ટિસશીપના નિયમોમાં સૂચિત ફેરફારો | ૪ |
| શિષ્યવૃતિ યોજનામાં વધારો | ૪ |
| વેબને બ્રાઉઝ કરવા અંધલોકો માટેનું એક નવું સાધન | ૪ |
| ૬ ટન ન્યુઝપેપરને નોટબુકમાં પરિવર્તિત કરવામાં આવ્યું. | ૫ |
| નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટ દ્વારા આ વર્ષે ઓગષ્ટ સુધીમાં ૩ કરોડથી વધારે હસ્તપ્રતો ડીઝીટાઈઝડ કરવામાં આવી. | ૫ |
| દેશભરમાં યુ.જી.સી. દ્વારા ‘લાઈફ સ્કીલ્સ જીવન કુશળતા’નો અભ્યાસક્રમ કોલેજોમાં શરૂ કર્યો છે. | ૫ |
| એન્જીનીયરિંગના વિધાર્થીઓની રોજગારી સુધારવા માટે એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે. | ૬ |

## થોભો અને વિચારો

**આ મારો સરળ ધર્મ છે. મંદિરોની જરૂર નથી. જટિલ ફિલોસોફીની જરૂર નથી. પોતાનું મગજ અને મન એ જ મંદિર છે. અમારી ફિલોસોફી સરળ દયા છે.**

**– દલાઈ લામા**

## એડિનેટ એપ :-

અમદાવાદ લાઈબ્રેરી નેટવર્ક (એડિનેટ) ઘણી બધી સેવાઓ અને માહિતી તેમના સભ્યો અને અન્ય યુઝરોને આપે છે. હવેથી એડિનેટ પોતાની એન્ડ્રોઈડ એપ્લીકેશન ધ્વારા પણ આ માહિતી પૂરી પાડશે.આ એન્ડ્રોઈડ એપની વિશેષતાઓ નીચે મુજબ છે:

૧) એડિનેટ વિશે કે જેમાં એડિનેટનો પરિચય, ઉદેશ્ય, પદાધિકારીઓના નામ વગેરે

૨) એડિનેટ યુનિયન કેટલોગ

૩) એડિનેટની સેવાઓ

૪) સભ્યપદની માહિતી

૫) પ્રકાશનો- ન્યુઝ લેટર, ક્યુકોલિસ (CuCoLis), ઈ-ન્યુઝ ડાયજેસ્ટ, વ્યવસાયિક આરોગ્ય ચેતવણી, આઈસીએમઆર-એનઆઈઓએચ

૬) ઇવેન્ટ (આવનારી અને ભૂતકાળની ઇવેન્ટની યાદી)

૭) ઈ- સંસાધનો

૮) ગુજરાતના લાઈબ્રેરીયનો અને માહિતી કેન્દ્રોની ડિરેક્ટરી

૯) એડિનેટના આજીવન સભ્યોની યાદી

એડિનેટ ધ્વારા આ એપને સમયાંતરે અપડેટ કરવામાં આવશે.

## લાઈબ્રેરીમાં નવું પાનું ઉમેરાયું :-

બુક સ્માર્ટ કોલેજ જૂના નિયમોથી દૂર રહી છે.સાયલન્ટ ઝોન નેટવર્કિંગ અને ચર્ચા માટેનું કેન્દ્ર બન્યા છે, ડિજિટલ આર્કાઈવ્સ વિદ્યાર્થીઓને અમર્યાદિત પ્રવેશની મંજૂરી આપે છે.

સાયનમાં આવેલી એસ.આર.એસ કોલેજે વિદ્યાર્થીઓ માટે તેની લાઈબ્રેરીની નવી રચના કરી છે, અને જુના અને દુર્લભ પુસ્તકોને ડિજિટાઈઝ કરી રહી છે. ટીઆઈએસએસની લાઈબ્રેરીને વાંચન, સંશોધન, સામાજિકરણ અને ફોનના ઉપયોગ માટે જુદા જુદા ઝોનમાં વહેચવામાં આવી છે. ભારતમાં આવેલી લાઈબ્રેરીઓ, વિદ્યાર્થીઓ માટે નેટવર્ક અને અને સામાજિકરણ માટેની જગ્યા બનાવી રહી છે. આ નવી તૈયાર થઈ રહેલ લાઈબ્રેરીઓ પોતાને વર્ક-સ્ટેશન કહે છે કે જ્યાં સંદર્ભ પુસ્તકો વાંચવા, નેટવર્ક બનાવવા, મિત્રો બનાવવા, ઇવેન્ટમાં હાજરી આપતી, હેગ આઉટ કરવા અથવા ચેટ કરવા પણ જઈ શકાય છે. ટીઆઈએસએસ, આઈઆઈટી અને એસઆઈએસ જેવી

સંસ્થાઓમાં વાતો નહિ કરવાના નિયમને દૂર કરવામાં આવ્યો છે.

ટીઆઈએસએસ પાસે ચાર માળની એસીવાળી દોરાબજી તાતા મેમોરિયલ લાઈબ્રેરી છે જેમાં ભૌતિક પુસ્તકો ડિજિટલ વોલ્યુમ્સ સાથે છે. આ ઉપરાંત લાઈબ્રેરીમાં એક કોન્ફરન્સ રૂમ પણ છે જેમાં જુદી જુદી ઇવેન્ટ કરવામાં આવે છે. લાઈબ્રેરીમાં માં આવેલ સાયબરસેલ ધ્વારા વિવિધ વિષયોમાં સંશોધન કરવામાં મદદ કરે છે.

સાઉથ ઈન્ડિયન એજ્યુકેશન સોસાયટી (એસઆઈઈએસ) ની આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજો ધ્વારા તેમની લાઈબ્રેરીને નવી બનાવી અને તેમાં ડિજિટલ વોલ્યુમ અને સાયબર સેલ ઉમેર્યા છે.

**Source | Hindustan Times | 18th September 2019**

## ઓનલાઈન કન્વર્ટ (ઓડિયો, વિડીયો, ઈ-બુક્સ, ડોક્યુમેન્ટ કમ્પ્રેશન આર્કાઇવ્સ અને વેબ સર્વિસીસ) :-

કોઈ પણ ફાઈલ વેબ સર્વિસીસ પર અપલોડ કરો, ઈ-મેઇલ ધ્વારા મોકલો અથવા તમારા કોમ્પુટર પર સોફ્ટવેરથી ખોલતા પહેલા તમારે ફાઈલને એક ફોર્મેટથી બીજા ફોર્મેટમાં રૂપાંતરિત કરવાની જરૂર પડી શકે છે.

ઓનલાઇન કન્વર્ટ એ કોઈ પણ સોફ્ટવેર ઇન્સ્ટોલ કર્યા વગર ફાઈલોને એક ફોર્મેટમાંથી બીજા ફોર્મેટમાં રૂપાંતરિત કરવાની મફત સેવા આપે છે.

**Source | www.online-convert.com**

## મહારાષ્ટ્ર બોર્ડ ધ્વારા ધોરણ૧૦ ના વિદ્યાર્થીઓ માટેનું ઈ-લર્નિંગ એપનું બીટા વર્ઝન સફળ થયું છે :-

આ એમએસબીએસએચએસઈના ઈ-બાલભારતી વિભાગ ધ્વારા વિદ્યાર્થીઓને સસ્તાદરે શિક્ષણ મટિરિયલ્સ પૂરું પાડવા માટે પોતાનું ઈ-લર્નિંગ પ્લેટફોર્મ તૈયાર કરવા માટે કરવામાં આવેલી પહેલ છે. હાલમાં એપનું બીટા વર્ઝન અંગ્રેજી અને મરાઠીમાં ધોરણ૧૦ ના વિદ્યાર્થીઓ માટે મફતમાં લોન્ચ કરવામાં આવ્યું છે. આ એપનું અંતિમ વર્ઝન ડિસેમ્બરમાં લોન્ચ કરવામાં આવશે. બધા વિષયો માટે વિદ્યાર્થીદીઠ ૨૫ રૂપિયાના નજીવા દરે અંતિમ વર્ઝન આપવામાં આવશે. આ એપના ડેસ્કટોપ વર્ઝનને એક્સેસ કરવા માટે વિદ્યાર્થીઓ બાલભારતીની વેબસાઈટ પર પણ રજિસ્ટર કરાવી શકે છે. વિષયના દરેક પ્રકરણ માટે પ્રવૃતિઓ, સ્પષ્ટતા, પરિચય અને પ્રશ્નોત્તરી જેવા મોડ્યુલો તૈયાર કરવામાં આવ્યા છે.

**Source | Indian Express | 18th September 2019**

## ભારત: બ્રેઇલ કન્વર્ટર મહિલા :-

જયારે ભારતીય પ્રોફેસર ડો. નિકિશા જરીવાલા પી.એચ.ડી કરવા માટે વિષય પસંદ કરવા માટે કહેવામાં આવ્યું ત્યારે, તેણીએ સમાજને ફાયદા થાય તેવો વિષય પસંદ કરવાનું નક્કી કર્યું. ૨૦૧૩માં તેણીએ લોકોની મદદ કરવાના તેના જુસ્સા સાથે તેના ટેકનોલોજીના પ્રેમને જોડવાનું શરુ કર્યું અને ટ્રાન્સલિટ્રેસન પ્રોજેક્ટનો જન્મ થયો.

તેણીએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યુ કે, જુદી જુદી ભાષામાં લખાણ લે છે જેનું બ્રેઇલમાં રૂપાંતર કરી આપે છે અને સ્પર્શ ધ્વારા લખી, વાંચી અને બોલી શકાય તેવી સિસ્ટમ છે.

આ મોડેલને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે: ૧) જુદી જુદી ભાષામાં લખાણને બ્રેઇલમાં રૂપાંતર, ૨) ગાણીતિક લખાણને બ્રેઇલમાં રૂપાંતર, ૩) આકારોનું બ્રેઇલમાં રૂપાંતર અને ૪) લખાણનું ભાષણમાં રૂપાંતર.

**Source | https://gulfnews.com/**

## એપ્રેન્ટિસશીપના નિયમોમાં સૂચિત ફેરફારો :-

સરકાર ધ્વારા એપ્રેન્ટિસશીપ નિયમો (૧૯૯૨)માં ફેરફાર કરવામાં આવ્યા છે જેથી દેશમાં કુશળ માનવબળમાં વધારો કરી શકાય. એપ્રેન્ટિસશીપ નિયમ ૨૦૧૯ મુજબ એપ્રેન્ટિસશીપની ભરતીની મર્યાદામાં૧૫% નો વધારો કર્યો અને તેમનું સ્ટાઈપન્ડ ૯૦૦૦ રૂપિયા પ્રતિમહીને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**Source | The Hindu | 2nd October 2019**

## શિષ્યવૃતિ યોજનામાં વધારો :-

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓના સમૂહ ધ્વારા તેમની કારકિર્દીને આકાર આપવા માટેની તકોમાં વધારો કરવામાં આવ્યો છે.

આ વર્ષે આ ત્રણ સંસ્થાઓના વિદ્યાર્થીઓ ધ્વારા ધોરણ ૯ થી ૧૨ વિદ્યાર્થીઓ માટે "એક દેશ એક પરીક્ષા" રાષ્ટીય કક્ષાની સામાન્ય પ્રવેશ માટેની પરીક્ષા (NLCEE) ની શરુઆત કરી. ભારતમાં ૩૧મી માર્ચના રોજ યોજાનાર આ પરીક્ષા આશરે ૨૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આપવાના છે.

**Source | The Hindu | 23rd September 2019**

## વેબને બ્રાઉઝ કરવા અંધલોકો માટેનું એક નવું સાધન :-

હવે અંધલોકો માટે નવું અવાજ સહાયક આવ્યું છે કે જે તેમને સ્માર્ટ સ્પીકર્સ અને અન્ય ઉપકરણોની મદદથી ઝડપથી અને

સહેલાઈથી વેબસામગ્રીને એક્સેસ કરવાની મંજૂરી આપે છે.

વોટરલો યુનિવર્સીટીના સંશોધકો ધ્વારા ટુલ બનાવવા માટે સ્ક્રીન રીડર્સ સાથે અવાજ સહાયકોને જોડવાની રીત મળી છે જેને "વૉઇસ એકસોપોલેરેશેન, રિટ્રાઇવલ એન્ડ સર્ચ" (VERSE) કહે છે. VERSE ને એપ સાથે જોડવામાં આવી છે, જે સ્માર્ટફોન અને સ્માર્ટવોચમાં ચાલે છે.

**Source | Economic Times | 23rd September 2019**

## ૬ ટન ન્યુઝપેપરને નોટબુકમાં પરિવર્તિત કરવામાં આવ્યું :-

વંચિત વિધાર્થીઓ માટે આશીર્વાદ

**Source | Daily News Analysis | 23rd September 2019**

## નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રિપ્ટ દ્વારા આ વર્ષે ઓગષ્ટ સુધીમાં ૩ કરોડથી વધારે હસ્તપ્રતો ડીઝીટાઈઝડ કરવામાં આવી :-

અ હસ્તપ્રતો હવેથી ભારતીય ડીજીટલ મેન્યુસ્ક્રિપ્ટ લાયબ્રેરીનો ભાગ છે જે ભારતીય ભાષાઓમાં આ હસ્તપ્રતોના સંગ્રહને સરળતાથી એક્સેસ કરી શકાય તે રીતે ગોઠવણ કરવામાં આવી છે. આ મિશનને અંતર્ગત વિજ્ઞાન, કળા, સંસ્કૃતિ, સંગીત, પરંપરાગત દવા, વેદ, તંત્ર અને અન્ય શાખાઓના હસ્તપ્રતો દરેકને સરળતાથી મળી રહેશે.

મિશન દ્વારા એક એપ અને સોફ્ટવેર પણ તૈયાર કરવામાં આવ્યું છે, જેની અંતર્ગત મેટાડેટા ઓનલાઈન દાખલ કરી શકાય જેમાં ડીજીટલ ઇમેજિસ સાથે કલાઉડ સર્વરમાં અપલોડ કરવામાં આવશે.

**Source | News Headlines, English News, Today Headlines, Top Stories | Hindustan Times**

## દેશભરમાં યુ.જી.સી. દ્વારા 'લાઈફ સ્કીલ્સ જીવન કુશળતા'નો અભ્યાસક્રમ કોલેજોમાં શરૂ કર્યો છે :-

યુ.જી.સી.ના એક અધિકારીએ જણાવ્યું છે કે ઘણીવાર વિધાર્થીઓને સીવી રિઝયુમ અને બાયોડેટા વચ્ચેનો તફાવતની જાણ હોતી નથી. સારી રિઝયુમ લખવો એ પણ એક લાઈક સ્કીલ છે જે દરેક વિધાર્થીએ વ્યવસાયીક જગતમાં પ્રવેશતા પહેલા કેળવવી પડે.

આ કાર્યક્રમ, જેના આઠ પોઇન્ટ છે તે કોઈ પણ સેમિસ્ટરમાં સમાવી શકાય છે અને તેનો હેતુ વિધાર્થીઓમાં ભાવનાત્મક અને બૌદ્ધિક આવડત લાવવા અને મૌખિક અને બિન મૌખિક સંદેશ વ્યવહાર કુશળતા વિકસાવવા માટે છે.

આંતરરાષ્ટ્રીય સંબંધોને સુધારવા માટે સહાનુભૂતિ અને સહકાર્યકરોને વિશ્વાસ આપવા જેવી વ્યકિતગત કુશળતા ઉપરાંત વ્યકિતગત અને વ્યવસાયિક નૈતિક આચારસંહિતા પર સકારાત્મક અસર પડે તે માટે એક સારી વ્યકિતગત ઈમેજને રજુ કરવી તે અભ્યાસક્રમનો એક ભાગ છે. **Source |** [https://www.news18.com/](https://www.news18.com/)

## એન્જીનીયરિંગના વિધાર્થીઓની રોજગારી સુધારવા માટે એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે :-

એ.આઈ.સી.ટી.ઈ.ના ચેરમેનના જણાવ્યા મુજબ આર્ટીફીસિયલ ઈન્ટેલીજન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, રોબોટિકસ, ૩ડી પ્રિન્ટીંગ, બ્લોક ચેઈન, સાયબર સિક્યોરિટી, કલાઉડ કમ્પ્યુટિંગ, ડેટા સાયન્સ, એ.આર-વી.આર ફરજિયાત ઈન્ટર્નશીપ, ઇનોવેશન સેલ્સ વગેરે જેવા વિશિષ્ટ ક્ષેત્રોની ગુણવત્તામાં સુધારણા માટે ઘણા બધા પગલાં લેવામાં આવ્યા છે..

૧૯૯૦થી ૨૦૧૨ના સુધીના સમયગાળામાં કોલેજોની સંખ્યામાં વધારો એ એક મોટો પડકાર છે. જેમાં તકનીકી શાખાઓમાં ૨૫૦૦થી વધુ નવી કોલેજો ખોલવામાં આવી હતી. આમાંથી આશરે ૧૦૦૦ એન્જીનીયરિંગ કોલેજો, ૧૦૦૦ મેનેજમેન્ટ સ્કૂલ અને બાકીની વિવિધ શાખાઓ જેવી કે પોલીટેકનીક, આર્કિટેકચર અને ફાર્મા સહિતની હતી. પરિણામે કોલેજોની સંખ્યા ૮૦૦૦થી વધીને ૧૦૪૦૦ થઈ ગઈ હતી.

આવી કેટલીક કોલેજો અને સંસ્થાઓના કારણે વિધાર્થીઓની રોજગારીની સમસ્યા ઊભી થઈ છે. આવી કોલેજોમાં સરેરાશ અડધી બેઠકો ખાલી રહે છે. જયારે કેટલીક સારી કોલેજોમાં ૯૦ થી ૧૦૦ ટકા બેઠકો ભરાઈ જાય છે.

પરીક્ષા સુધારણામાં એ.આઈ.સી.ટી.ઈ.નાં અધ્યક્ષે જણાવ્યુ છે કે રૂટલર્નિંગ અથવા મેમરી બેઈઝ લાર્નીગને પરીક્ષાના પ્રશ્નપત્રોના માત્ર ૩૦ ટકા કરી દેવામાં આવ્યું છે. જુદી જુદી શાખાઓના પરીક્ષાના પેપરોના સમૂહને તૈયાર કરાવામાં આવ્યો છે અને તેને એ.આઈ.સી.ટી.ઈ.ની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ફેકલ્ટી મેમ્બરો માટે જુદા જુદા વર્કશોપ આયોજિત કરવામાં આવ્યા છે.

**Source | Outlook India Magazine: Latest news today, news analysis, opinion on India, world, sports, entertainment**

આ અંકની માહિતી આપનાર **શ્રી પ્રહ્લાદ જાધવ**, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની,મુંબઈ